सत्यमेव जयते

| | |
|---|---|
| દાખલ તારીખ | : ૦૬ – ૦૩ – ૨૦૨૬ |
| નોંધણી તારીખ | : ૦૬ – ૦૩ – ૨૦૨૬ |
| ફેંસલ તારીખ | : ૧૧ – ૦૭ – ૨૦૨૬ |
| સમયગાળો | : વર્ષ – માસ – દિવસ |
| | ૦૦ – ૦૪ – ૦૫ |

---

## મે. કલોલનાં પ્રિસાઈડીંગ ઓફીસરશ્રી (એમ.એસ.સોલંકી)
## લેબર કોર્ટ (એસ.ડી.), કલોલ, જિ.ગાંધીનગર.

---

**રેફરન્સ (ટી) કેસ નં. ૦૬/૨૦૨૬**

**આંક ::–**

મહેશભાઈ જગજીવતરાય પટેલ
C/o. અખિલ ગુજરાત જનરલ મજદુર સંઘ,
ઠે. ૧૦, શક્તિ શોપીંગ સેન્ટર, બીજા માળે,
વેપારી જીન, કલોલ. ..... **અરજદાર**

**વિરૂધ્ધ**

(૧) મેનેજરશ્રી, મફતલાલ ગુજરાત ઈન્ડસ્ટ્રીઝ,
ઠે. સી/૧/૧૬, કલોલ, જી.આઈ.ડી.સી.,
મુ.કલોલ, જિ.ગાંધીનગર – ૩૮૨૭૨૧.

(૨) તુષારભાઈ શાહ (કોન્ટ્રાક્ટરશ્રી) ગ્રીન એન્વાયરોસ્ટ્રીમ સોલ્યુશન,
ઈ–૮૨, શ્રી રામ ઈન્ડસ્ટ્રીયલ પાર્ક–૧, કોઝી હોટેલની સામે,
વિશાલનગર, નારોલ વટવા, જિ.અમદાવાદ. ..... **સામાવાળા**

બાબત ::– **ઔદ્યોગીક વિવાદ અધિનિયમ,૧૯૪૭ ની કલમ–૧૦(૧) હેઠળ ન્યાય નિર્ણય થવા બાબત.**

---

**બીજાં પક્ષકાર તર્ફે વિ.પ્ર.શ્રી એચ.એમ.જોષી.**
**પ્રથમ પક્ષકાર નં.૧ સંસ્થા તર્ફે વિ.વ.શ્રી જે.એલ.દેસાઇ.**
**પ્રથમ પક્ષકાર નં.૨ હાજર નથી.**

---

## -:: ઠ રા વ ::-

(૧) હાલનાં કામે અરજદારને તેમનાં પડેલા દિવસોનાં પગાર સાથે તેમની મૂળ જગ્યાએ નોકરીમાં પુન:સ્થાપીત કરવા જોઇએ કે કેમ ? તેનો ન્યાય નિર્ણય સારું સદરહું રેફરન્સ મદદનીશ શ્રમ આયુક્તશ્રી, મહેસાણાનાંઓનાં તા.૦૫/૦૩/૨૦૨૬ નાં હુકમ ક્રમાંક કે.એચ./એસ/એચ.એમ.સી./એ.જે./૧૧૮/૨૫, તા.૦૫/૦૩/૨૦૨૬ નાં પત્રથી અત્રેની અદાલતને મોકલવામાં આવેલ છે.

"મહેશભાઇ જગજીવતરાય પટેલનાઓને તેમનાં પડેલા દિવસોનાં પગાર સાથે તેમની મૂળ જગ્યાએ નોકરીમાં પુન:સ્થાપીત કરવા જોઇએ કે કેમ ?"

(૨) ત્યારબાદ હાલનાં કામે પક્ષકારોને કાઢવામાં આવેલ નોટીસની તેઓને ધોરણસર બજવણી થઈ જતાં અરજદાર તર્ફે વિ.પ્ર.શ્રી એચ.એમ.જોષીનાંઓ મારફત હાજર થયેલ છે. પરંતુ તેઓ તર્ફે માંગણા નિવેદન રજુ કરવામાં આવેલ નથી.

(૩) ત્યારબાદ હાલનાં કામે સામાવાળા નં.૧ તથા નં.૨ નાંઓને કાઢવામાં આવેલ નોટીસની ધોરણસર બજવણી થઈ જતાં સામાવાળા નં.૧ સંસ્થા તર્ફે વિ.વ.શ્રી જે.એલ.દેસાઇનાંઓનું વકીલાતપત્ર રજુ થયેલ છે અને સામાવાળા નં.૨ તર્ફે હાજર થયેલ નથી.

(૪) ત્યારબાદ હાલનાં કામે ચાલુ ન્યાયીક કાર્યવાહી દરમ્યાન આજરોજ નેશનલ લીગલ સર્વિસ ઓથોરીટી તથા સ્ટેટ લીગલ સર્વિસ ઓથોરીટીની સુચનાથી આયોજીત કરવામાં આવેલ લોકઅદાલતમાં અરદાર દ્વારા આંક-૧૫ થી વિડ્રો પુરસીશ રજુ કરી જણાવેલ છે કે "અરજદારને સામાવાળા સાથે સુખદ સમાધાન થઈ ગયેલ છે જેથી સદર કેસ આગળ ચલાવવા માંગતા નથી". સદરહું રેફરન્સ કેસ પરત ખેંચવાનો ઈરાદો સ્વૈચ્છીક જણાતો હોય અને તે સામે સામાવાળા તર્ફે કોઇ વાંધો, વિરોધ કે તકરાર કોર્ટનાં રેકર્ડ ઉપર આવેલ નથી. જેથી આ કામે અરજદારની વિડ્રો પુરસીશ, ઉપલબ્ધ રેકર્ડ તથા રજુઆતો ધ્યાને લઈ ન્યાયનાં હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## –:: <u>આખરી હુકમ</u> ::–

(૧) આથી હાલનાં કામે અરજદારની હાલનો રેફરન્સ (ટી) કેસ વિડ્રોથી ફેંસલ કરવા હુકમ કરવામાં આવે છે.

(૨) ખર્ચ અંગે કોઇ હુકમ કરવામાં આવતો નથી.

હુકમ આજરોજ તારીખ ૧૧મી માહે જુલાઇ સને ૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી,સંભળાવીને જાહેર કરવામાં આવે છે.

તારીખ :– ૧૧/૦૭/૨૦૨૬
સ્થળ :– કલોલ.

**(મનોજભાઇ શાંતિલાલ સોલંકી)**
પ્રિસાઇડીંગ ઓફીસરશ્રી, લેબર કોર્ટ
(એસ.ડી.), કલોલ, જિ.ગાંધીનગર.
***<u>JUDGE CODE : GJ01300</u>.***

*<u>સ્ટેનો :– વી.વી.ચાવડા</u>*